સત્યમેવ જયતે

રજુ તારીખ: ૩૦/૦૩/૨૦૨૪

દાખલ તારીખ: ૩૦/૦૩/૨૦૨૪

ફેંસલ તારીખ: ૧૨/૦૮/૨૦૨૬

| અવધિ : | વર્ષ | માસ | દિવસ. |
|---|---|---|---|
| | **૦૨** | **૦૪** | **૧૩** |

**મહે. સુરેન્દ્રનગરના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં.૧૦૦૦/૨૦૨૪**

**CNR : GJSN02-001321-2024**

આંક–

ફરીયાદી : સ ર કા ર શ્રી.

વિ રૂ દ્ધ

આરોપી : (૧) કનુબેન પ્રકાશભાઈ વાણીયા,

ઉ.વ.આ.૩૭, ધંધો : પટ્ટાવાળા,

રહે. : સુ.નગર સોનાપુર રોડ શેરી નં. ૦૨.

(૨) પ્રકાશભાઈ કીશનભાઈ વાણીયા,

ઉ.વ.આ.૩૫, ધંધો :મજૂરી,

રહે. : સુ.નગર સોનાપુર રોડ શેરી નં. ૦૨.

---

ફરીયાદી તર્ફે એ.પી.પી.શ્રી એ.બી.દેસાઈ

આરોપીઓ તરફે એલ.એ.ડી.સી એન.જે.ઝાલા.

---

## <u>ગુનો</u> : <u>ઈ.પી.કો.ક. ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબ.</u>

## – : ચૂકા દો : –

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, તારીખ : ૦૮/૧૦/૨૦૨૩ ના બપોરના બારેક વાગ્યાના અરસામાં સુરેન્દ્રનગર સોનાપુર રોડ શેરી નં. ૨ ખાતે આ કામના ફરીયાદીએ આરોપી નં.(૧) કનુબેન પ્રકાશભાઈ વાણીયાને ઝધડો કરવાની ના પાડતા આરોપીએ ફરીયાદીના હાથની નાની આંગળી ઉપર બટકુ ભરી ઈજા કરી તેમજ બંને આરોપીએ મળી ફરીયાદીને ઢીકા પાટુનો માર મારી શરીરે મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ હોય જેથી ઈ.પી.કો.ક. ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ અન્વયેનું ગુનાહીત કૃત્ય કરેલ હોય, ગુનો કર્યાની ફરીયાદ સુ.નગર સીટી એ. ડીવી.પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અને તેની તપાસ તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવેલી, જેથી ત.ક.અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી, સારવાર સર્ટી મેળવી આ કામે આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

**(૨)** આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં, સી.આર.પી.સી.કલમ–૧૯૦ (૧) (બી) પ્રમાણે આરોપીઓ સામેના ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સી.આર.પી.સી.કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતાં અને આરોપીઓ હાજર થતાં, તેઓને સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આંક–૩ થી આરોપીઓ  વિરુધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ

અને આંક–૪, આંક–૫ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં, તેઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ હતો, જેથી સદર આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૩) ફરીયાદપક્ષે પુરાવાઓ નીચે મુજબ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>** :–

| અ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૪ | પંચ સાહેદ જુગ્નુભાઈ પ્રભુભાઈ સોલગામાની જુબાની. |
| ૨. | ૨૦ | સાહેદ દીપકભાઈ બાબુભાઈ વાળાની જુબાની. |
| ૩. | ૨૧ | સાહેદ નીતીનભાઈ દીપકભાઈ વાળાની જુબાની. |
| ૪. | ૨૨ | પંચ સાહેદ વશીમશા રૂસ્તમશા દિવાનની જુબાની. |
| ૫. | ૨૪ | સાહેદ ધર્મેશભાઈ દીપકભાઈ વાળાની જુબાની. |
| ૬. | ૨૬ | સાહેદ દાનાભાઈ માયાભાઈ રાઠોડની જુબાની. |
| ૭. | ૨૭ | સાહેદ સુરેશભાઈ કરશનભાઈ વાળાની જુબાની. |
| ૮. | ૨૮ | સાહેદ સંદીપભાઈ પરસોતમભાઈ વાળાની જુબાની. |
| ૯. | ૩૦ | ડો. મીહીર નીતીનભાઈ સોનીની જુબાની. |
| ૧૦. | ૩૩ | સાહેદ ચંદુભાઈ બાબુભાઈ વાળાની જુબાની. |
| ૧૧. | ૩૫ | પી.એસ.ઓ મનીષાબેન મનોજભાઈ ઝીઝુંવાડીયાની જુબાની. |
| ૧૨. | ૪૨ | ત.ક.અમલદાર સલીમબક્ષ રહીમબક્ષ ધોરીની જુબાની. |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| અ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૫ | બનાવવાળી જગ્યાનું પંચનામું ખરી નકલ |
| ૨. | ૩૧ | ઈજા પામનારનુ સારવાર સર્ટીફીકેટ |
| ૩. | ૩૨ | મે. ઓફીસરશ્રીને સંબોધીને આપેલ રીપોર્ટ |
| ૪. | ૩૬ | અસલ ફરીયાદ |
| ૫. | ૩૭ | સ્ટે.ડાયરી નંબર ૨૬/૨૩ થી રજીસ્ટર કરી તેમની સહીથી રીપોર્ટ પાઠવેલ |
| ૬. | ૩૮ | સ્ટેશન ડાયરી |
| ૭. | ૪૩ | મે. ઓફીસરશ્રીને સંબોધીને સારવાર સર્ટીફીકેટ આપવા બાબતનો રીપોર્ટ |

(૪) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા, આરોપીઓ સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે તેઓનું સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. આરોપીએ ફરીયાદ પક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમા જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે.

(૫) બંને પક્ષકારોની દલીલો સાંભળી તથા કેસનુ રેકર્ડ ધ્યાને લીધેલ છે.

(૬) રજુ થયેલ પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તારીખ : ૦૮/૧૦/૨૦૨૩ ના બપોરના બારેક વાગ્યાના અરસામાં સુરેન્દ્રનગર સોનાપુર રોડ શેરી નં. ૨ ખાતે આ કામના ફરીયાદીએ આરોપી નં. (૧) કનુબેન પ્રકાશભાઈ વાણીયાને ઝઘડો કરવાની ના પાડતા આરોપીએ ફરીયાદીના હાથની નાની આંગળી ઉપર બટકુ ભરી ઈજા કરી તેમજ બંને આરોપીએ મળી ફરીયાદીને ઢીકા પાટુનો માર મારી શરીરે મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ હોય ઈ.પી.કો.ક. ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો મારા મત મુજબ નીચે પ્રમાણે છે.

૧. અંશત:હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

– : **<u>કા ર ણો</u>** : –

**<u>મુદા નં. ૧:–</u>**

**<u>પુરાવા તથા પુરાવાનુ મુલ્યાંકન</u>:–**

(૮)આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે ત્યારે,ફોજદારી ન્યાયશાસ્ત્ર ના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.

(૯) ફરીયાદ પક્ષે પંચ સાહેદ જુગ્નુભાઈ પ્રભુભાઈ સોલગામાને આંક–૧૪ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે આઠ દસ મહીના પહેલા સોનાપુર રોડ પાસેથી લારી લઈને નીકળેલ ત્યારે પોલીસે તેમને બોલાવી કોરા કાગળમાં સહી કરવાનુ કહેતા તેમને સહી કરેલી. તેમની હાજરીમાં કોઈ બનાવ વાળી જગ્યાનુ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. આજરોજ તેમને બનાવવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ–૧ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. સહી સીવાય તેઓ કાંઈ જાણતા નથી.જે પંચનામું આંક–૧૫ થી રજૂ છે. સદર પંચસાહેદ પંચનામાંની હકીકતને સમર્થન આપતા ના હોય ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ લેશમાત્ર સમર્થન આપેલ નથી.

ત્યારબાદ સદરહુ પંચ સાહેદની આરોપી તરફે કોઈ ઉલટ તપાસ કરવા માં આવેલ નથી.

**(૧૦)** ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી રાણીબેન મરણ ગયેલ હોય આ કામના ફરીયાદી રાણીબેન બાબુભાઈ વાળાનાઓ તા. ૩૧/૧/૨૦૨૬ ના રોજ મરણ ગયેલ હોવાનું નિશાની-૪૦/૧ થી મરણનો દાખલો રજૂ કરેલ હોય જેથી ફરીયાદી રાણીબેન બાબુભાઈ વાળાનાઓને તપાસી શકાયેલા નથી.

**(૧૧)** આ કામે ફરીયાદી પક્ષે આંક-૨૦ થી સાહેદ દીપકભાઈ બાબુભાઈ વાળાનાએ તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, ગત તારીખ : ૮/૧૦/૨૦૨૩ ના રોજ તે તેમજ તેમના પત્ની તેમના માતા તથા તેમના બન્ને દિકરાઓ તથા તેમનો ભાઈ તેઓ બધા ઘરમાં હાજર હતા ત્યારે બપોરના આશરે ૧૨:૦૦ ક. તેમની માતા રાણીબેન બાબુભાઈ બહાર કુતરાને રોટલા નાખવા માટે ગયેલા ત્યારે પ્રકાશ કિશનભાઈ દારૂ પી ને ગાળો આવતા જતા માણેસોને આપતા હતા જેથી તેમની માતા રાણીબેને તેને સમજાવવા જાતા કે તુ બધા નીકળતા હોય, ગાળો ના બોલ જેથી કનુબેન વચ્ચે પડી તેમની માતા રાણીબેનને ગાલ ઉપર ફડાકો મારેલ અને કનુબેન ફરીવાર તેમની માતાને મારવા જતા તેમની માતા રાણીબેને આડો હાથ રાખતા તેમની માતાનો કનુબેને હાથ પકડીને આંગળીમા બચકુ ભરેલુ અને કનુબેન તેમજ પ્રકાશભાઈએ તેમની માતાને ઢીકા પાટુનો માર મારવા લાગેલ અને પ્રકાશભાઈ પાસે પાઈપ હતો તે ખાલી ઉગામતો હતા ત્યારે દેકારો થતા તેઓ બધા આવી ગયેલા અને તેમની માતાને વધુ મારથી બચાવેલા તે દરમ્યાન આ પ્રકાશભાઈ પાઈપ ઉચો કરી મારવા જતો હતો તે દરમ્યાન ભાગાભાગી થતા અને પાઈપનો ઘા કરવા જતા પાઈપનો ઘા પ્રકાશભાઈના પત્ની કનુબેનને વાગી ગયેલ અને તેમને ઈજા થયેલી અને કનુબેન ત્યાં પડી ગયેલા. તેમની માતા બીપી અને ડાયાબીટીશના પેશન્ટ હોય, બેભાન થઈ ગયેલા જેથી તેઓ તેમને સારવાર માટે દવાખાને લઈ ગયેલા અને આ પ્રકાશભાઈ જતા જતા બોલતા ગયેલા કે આજે તુ બચી ગઈ છુ તને નકર મારી નાખત તેવી ધમકી આપેલ. આ મુજબનો પુરાવો આપેલ છે.

**(૧૧.૧)** ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓ તરફે કરવામાં આવેલ મહત્વની ઉલટ તપાસમાં તેઓએ મુખ્યત્વે એ હકીકતનો સ્વીકારેલ છે કે, બનાવ વાળો વિસ્તાર માણસોની અવરજવર તથા વસ્તી વાળો વિસ્તાર છે, તેઓના ઘરથી કબ્રસ્તાન અને સ્મશાન નજીકમા આવેલ છે, કહેવાતા બનાવ સ્થળ પાસે હનુમાનજીનુ મંદિર પણ આવેલ છે, આ કામના આરોપી કનુબેને તેમની વિરુધ્ધ ફરીયાદ કરેલ છે જેનો ફોજદારી કેસ નં. ૯૯૯/૨૦૨૪ છે જે આજ કોર્ટમા ચાલે છે. ધર્મેશભાઈ તેમનો છોકરો છે. વધુમાં ઉલટ તપાસ માં પુછવામાં આવેલ સવાલ–તમારી વિરુધ્ધ ફોજદારી કેસ નં. ૨૭૫/૨૦૨૨ થી જુગારનો કેસ નોધાયેલ છે તે બાબતે તમારે શુ કહેવુ છે ? જેના જવાબ :– હા, પરંતુ હુ રમતો ન હતો પરંતુ હુ સાઈડમા ઉભેલ હતો તેમા મને ખોટી રીતે સંડોવી દીધેલ છે. વધુમાં ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, આ કામના સાહેદ નિતીનભાઈ તેમનો દિકરો છે, સાહેદ ચંદુભાઈ બાબુભાઈ વાળા તેમના ભાઈ છે, દાનાભાઈ માયાભાઈ,સુરેશભાઈ કરશનભાઈ અને સંદિપભાઈ પરસોતમ ભાઈ આ તેમના સગા સંબંધી છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમની માતા રાણીબેન બાબુભાઈ બહાર કુતરાને રોટલા નાખવા માટે ગયેલા ત્યારે પ્રકાશ કિશનભાઈ દારૂ પી ને ગાળો આવતા જતા માણેસોને આપતા હતા તે તેમના પોલીસના નિવેદનમાં લખાવેલ નથી સાહેદ જણાવે છે કે તેઓએ લખાવેલ પણ પોલીસે લખેલ કે કેમ તે તેમને ખબર નથી. એ વાત સ્વીકાર કરેલ છે કે આ નિવેદન પોલીસે મારા કહેવા પ્રમાણે નહી પણ તેમણે તેમની રીતે લખી દીધેલ છે. વધુમાં ઉલટતપાસમાં પુછવામાં આવેલ સવાલ :– તમે તમારા પોલીસના જવાબમાં પ્રકાશભાઈએ હાથમા પાઈપ ઉગામતા કનુબેનને ઈજા થયેલ તેવી હકીકત તમે લખાવેલ નથી ? જેના જવાબ :– મે પોલીસને લખાવેલ પોલીસે લખેલ કે કેમ તેની મને ખબર નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેમને વાંચતા લખતા આવડતુ નથી, પોલીસે

આ નિવેદન તેમને વાંચી સંભળાવેલ નહી, પોલીસે તેમનુ નામ સરનામુ પુછેલ તે સિવાય બીજી કોઈ હકીકત પુછેલ નહી. આ સીવાયની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે.

**(૧૧.૨)** સદરહું સાહેદ ફરીયાદી રાણીબેનના દીકરા થતા હોય રાણીબેને આપેલ આંક–૩૬ થી રજૂ ફરીયાદની હકીકતો વંચાણે લેતા બનાવ તારીખ : ૮/૧૦/૨૦૨૩ ના રોજનો બનેલો છે અને બપોરના આશરે બાર સવા બારેક વાગ્યે તેમના ઘર પાસે રાડો દેકારો થતા તે તેમના ઘરમાંથી બહાર નીકળી તેમની શેરીમાં આવેલ હનુમાનજીના મંદીરે ગયેલી ત્યાં આગળ જઈ જોતા તેમના પાડોશમાં રહેતા કનુબેન પ્રકાશભાઈ વાણીયા તેમના દીકરા દીપકભાઈ તથા ચંદુભાઈ સાથે બોલાચાલી કરતા હતા અને ભુંડા બોલી ગાળો દેતા હોય જેથી તેઓએ તેમને ગાળો ન બોલવાનું કહેતા તેઓ તેમની સાથે પણ ઝગડો કરવા લાગેલ અને તેમને પણ બેફામ ગાળો દેવા લાગેલ અને તેઓએ આમ કરવાની ના પાડતા તે કનુબેન એકદમ ઉશ્કેરાઈ જઈ તેમનો જમણો હાથ પકડી લઈ તેઓની નાની આંગળીમાં બટકું ભરી લીધેલ જેથી તેમણી આંગળીમાંથી લોહી નીકળવા લાગેલ અને તેમને નીચે પાડી દઈ ઢીકા પાટું મારવા લાગેલ તેવામાં તેમનો ઘરવાળો પ્રકાશભાઈ ત્યાં આવી જતા તેને પણ ઢીકાપાટુંનો માર મારેલ અને તેણીએ બુમરાળ કરતા તેણીનો દીકરો દીપક અને ચંદુભાઈ વચ્ચે પડી તેણીને વધુ મારમાંથી છોડાવેલ અને આ બંને પતિ પત્ની ત્યાંથી ગાળો દેતા દેતા ત્યાંથી જવા લાગેલા અને જતા જતા કહેતા ગયેલ કે આજે તો તું બચી ગઈ પણ ફરીવાર જો સામે આવી તો તને જાનથી મારી નાખીશું એવી ધમકીઓ આપી ત્યાંથી ચાલ્યા ગયેલા અને તેણીનો દીકરો દીપક તથા ચંદુ તેણીને રીક્ષામાં બેસાડી ગાંધી દવાખાને લઈ ગયેલ. આમ,આ

સાહેદ બનાવ સમયે અને બનાવ સ્થળે હાજર હોય ફરીયાદની હકીકતો ને સમર્થન કરતો પુરાવો આપેલ છે.

**(૧૨)** આ સાહેદના પુરાવાને ડોકટરી પુરાવા સાથે ચકાસતા ફરીયાદ પક્ષે ડો. મીહીર નીતીનભાઈ સોનીને આંક–૩૦ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તારીખ : ૦૮/૧૦/૨૦૨૩ના રોજ બપોરના ક.૦૧–૧૮ વાગ્યે દર્દી નામે રાણીબેન બાબુભાઈ વાળાનાઓને પોલીસ ચાદી વગર સંબંધી સારવાર માટે લાવેલા. તેઓએ જણાવ્યા મુજબ દર્દીને આજે સવારે ૧૧ વાગ્યે સોનાપુર રોડ આંબેડકરનગર–ર તેમના ઘરે તેમના પાડોશી કંચનબેન પ્રકાશભાઈ વાણીયાએ દર્દીની આંગળી પર બટકુ ભર્યુ હતુ. તેઓને તપાસતા એસ.પી.ઓ ટુ ૯૮ ટકા હતુ અને હાર્ટરેટ ૯૨ હતા. તેમનુ બી.પી ૧૩૬/૭૮ હતુ અને સુગર ૧૩૬ હતુ. ત્યારબાદ તેમની આંગળીમા લેસરેશન ઓફ સાઈઝ (ઉઝરડો) ૦.૫ સે.મી. X ૧ સે.મી. જમણા હાથની ટચલી આંગળીએ હતો. ત્યારબાદ દર્દીને ડ્રેસીંગ કરેલ અને ઈંજેકશન ડાયકલો અને ઈંજેકશન ટી.ટી આપેલ તથા દર્દીને એન્ટીબાયોટીક તથા વીટામીનની દવાઓ તથા દુખાવાની રાહતની દવાઓ આપેલી. દર્દીને સાદી ઈજા હતી અને આવી ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી ઈજાઓ હતી અને દર્દીને બીજા કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો ૭ થી ૮ દીવસ મા રીકવરી થઈ શકે તેવી હતી. તેમના અભીપ્રાય પ્રમાણે બટકુ ભરવાથી ઈજા થઈ શકે તેવા પ્રકારની હતી. આજરોજ અસલ સર્ટી તેઓએ કેસ પેપર્સના આધારે તૈયાર કરીને આપેલ જેમાં તેમની સહી છે અને હોદો દર્શાવેલ છે જે રજુ આંક–૩૧ અને તા. ૨૪/૧૧/૨૪,તા.૦૪/૧૨/૨૩,તા.૧૮/૧૨/૨૩ ના રોજ જે સીટી

એ ડીવી.પો.સ્ટે દ્રારા સર્ટી આપવા બાબત તેઓએ ઓફીસરશ્રીને સંબોધીને આપેલ રીપોર્ટ રજુ જે સંયુકત આંક – ૩૨ થી રજુ કરેલ છે.

**(૧૨.૧)** સદરહુ ડોકટર સાહેદની આરોપીઓ તરફે ઉલટતપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે દર્દી સાથે સારવાર માટે તેમના સબંધીઓ આવેલા હતા. એ વાત ખરી નથી કે સાથે આવેલ વ્યકતીએ બનાવ બાબતેની હકીકતો જણાવેલી હતી. એ વાત ખરી છે કે આવા પ્રકારની ઈજા દર્દીના ખરબચડા રોડ પર પડી જવાથી તથા આંગળી પર વજન આવવાથી થઈ શકે. એ વાત ખરી છે કે દર્દીને તપાસાઈ ગયેલ બાદ વધુ સારવાર માટે મારી પાસે ફરીથી આવેલ નથી.

**(૧૨.૨)** આ મુજબની જુબાની આપી આંક–૩૦ ના ડોકટરશ્રીએ ફરીયાદ ને તથા આંક–૨૦ ના સાહેદ દીપકભાઈ બાબુભાઈ વાળાના મૌખીક પુરાવાને સમર્થન કરેલ છે અને બનાવમાં ઈજા પામનાર ફરીયાદી રાણીબેન બાબુભાઈ વાળાની ડોકટરશ્રીએ સારવાર કરેલ હોવાનું ફલીત થાય છે. આ ડોકટરશ્રી એ ફરીયાદીની કરેલ સારવારનું પ્રમાણપત્ર આંક– ૩૧ થી રજુ કરેલ છે. સદરહું મેડીકલ સર્ટીફીકેટ વંચાણે લેતા ફરીયાદીએ ડોકટરશ્રીને હીસ્ટ્રીમાં દર્દીને આજે સવારે ૧૧ વાગ્યે સોનપુર રોડ આંબેડકર નગર–૨ તેમના ઘરે પાડોશી કંચનબેન પ્રકાશભાઈ વાણીયાએ દર્દીની આંગળી પર બટકું ભર્યુ હતુ તેવુ જણાવેલ છે.

**(૧૨.૩)** આમ, ફરીયાદીની ફરીયાદ તથા આંક–૨૦ ના સાહેદ દીપકભાઈ બાબુભાઈ વાળાની જુબાનીમાં જણાવ્યા મુજબની ઈજા થયેલ હોવાનું ફલીત થાય છે અને ફરીયાદીને પોતાને થયેલ ઈજાની સારવાર લીધેલાનું ફલીત થાય છે. વધુમાં ફરીયાદીની ફરીયાદમાં જણાવેલ ઈજાને ડોકટરશ્રીના પુરાવાથી સમર્થન મળતું હોવાનું માની શકાય એમ છે. ફરીયાદીએ ફરીયાદ પણ બનાવ

બન્યાના દીવસે આપેલ અને તે દીવસે સારવાર લીધેલ છે. ફરીયાદમાં પણ આરોપીઓનું નામ સ્પષ્ટપણે જણાવેલ છે. જેથી ફરીયાદની હકીકતો પુરાવા અધિનીયમ–કલમ–૩ મુજબ પુરવાર થયેલ હોવાનું માની શકાય તેમજ બનાવ સમયે અને સ્થળે આરોપીઓની હાજરી હોવાની હકીકતોનું ખંડન કરી શકેલ નથી.

**(૧૩)** ફરીયાદ પક્ષે સાહેદ નીતીનભાઈ દીપકભાઈ વાળાને આંક–૨૧ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ ૮ મી તારીખે સને – ૨૦૨૩ મા બનેલો, બપોરના સમયમાં બનાવ બનેલો ચોકકસ સમય તેમને યાદ નથી. તે દિવસે તેઓ ઘરે હતા તેમના દાદી – રાણીબેનનો બચાવો બચાવોનો અવાજ આવેલો જેથી તેઓ દોડીને નીચે ગયેલા ત્યા તેમના દાદી રાણીબેનને પ્રકાશભાઇ કીશનભાઇ વાણીયા હાથે અને પગેથી માર મારતા હતા અને પ્રકાશભાઇના પત્ની પણ તેમની દાદીને માર મારતા હતા અને તેઓ ત્યાં છોડાવવા પહોંચ્યા ત્યારે તેઓ જતા જતા તેમના દાદીને એવુ કહેતા હતા કે આજે તુ બચી ગઇ છું પછી તને મારી નાખીશુ તેવુ તેઓએ સાંભળેલુ જેથી અમારૂ કુટુંમ્બ દાદીને સારવાર માટે હોસ્પીટલ લઇ ગયેલા અને તેમના દાદીને પ્રકાશભાઇના પત્નીએ જમણા હાથ ની છેલ્લી ટચલી આંગળીએ બચકુ ભરેલુ અને તેમની દાદી પ્રકાશભાઇ કીશનભાઇ દારૂ પી ને આવેલ હોય જેથી તેઓ સમજાવતા હતા કે દારૂ પી ને ગાળ ના બોલ જે બાબતે આ લોકોએ તેમના દાદીને માર મારીને હુમલો કરેલાનો પુરાવો આપેલ છે અને આરોપીઓને જોયેથી ઓળખી બતાવે છે.

**(૧૩.૧)** ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓ તરફ કરવામાં આવેલી મહત્વની ઉલટ તપાસમાં તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ બન્યો ત્યારે અમો ઘરમાં હતા,આ બનાવ બાબતે અમારી સામે ફરીયાદ થયેલ છે જેનો ફોજ. કેસ નં. ૯૯૯/૨૦૨૪ છે જે આ જ નામદાર કોર્ટમા ચાલુ છે, તે કેસમા પોલીસે મારી પાસેથી લોખંડનો પાઇપ કબજે કરેલ હતો, એ હકીકતનો

ઈન્કાર કરેલ છે કે, મારી દાદી રાણીબેનને આરોપીએ બટકુ ભરી કોઇ ઈજા કરેલ નહી પરંતુ મારા હાથમા રહેલ લોખંડનો પાઇપ આરોપીને મારવા જતા મારી દાદીને વાગી ગયેલો. આ સીવાયની હકીકતનો મહદઅંશે ઈન્કાર કરેલ છે.

**(૧૩.૨)**આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ છે. આ સાહેદ આ કામના ફરીયાદીને આરોપી નં. ૧ નાએ જમણી હાથની ટચલી આંગળીએ બચકું ભરી લીધેલા તથા આરોપી નં. ૨ નાએ હાથે પગેથી માર મારેલાનો પુરાવો આપેલ છે.આ સાહેદ બનાવ સ્થળે બનાવ વખતે હાજર હોવાનુ હકીકત નીકળી આવેલ છે.

**(૧૪)** ફરીયાદપક્ષે પંચ સાહેદ વશીમશા રૂસ્તમશા દિવાનને આંક–૨૨ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે બે વર્ષ પહેલા મારામારીના ગુન્હાના કામે કુંભારપરા શેરી નં. ૧ માં પોલીસે મને બોલાવીને પંચનામુ કરીને મારી સહી કરાવેલી. આ બનાવ વાળી જગ્યાની આથમણી બાજુ કબ્રસ્થાન આવેલ છે. અને પૂર્વ બાજુ સ્મશાન આવેલ છે. બનાવ વાળી જગ્યા પર ડામરરોડ આવેલ છે. મને આંક ૧૫ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા પંચ નં. ૨ પર મારી સહી છે જે હુ ઓળખુ છુ.જે આંક–૧૫ થી રજુ છે.

**(૧૪.૧)** આ પંચ સાહેદની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હુ શાકભાજીની લારી લઈને બનાવવાળી જગ્યા પર નીકળેલો ત્યા પોલીસ મને પંચનામા સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. એ વાત ખરી છે કે, પંચનામામાં શુ લખેલ હતુ તે મને વાંચી સંભળાવેલ નહી મે ફક્ત સહી કરેલી હતી. એ વાત ખરી છે કે, આ સિવાય હુ બીજુ કઈ જાણતો નથી.

**(૧૪.૨)** આમ, આ બનાવવાળી જગ્યાના પંચ સાહેદ આંક–૪૭ ના પંચનામા ની વિગતોને જેટલા અંશે સમર્થન કરતો પુરાવો આપેલ છે તેટલો માની શકાય તેવો છે.

**(૧૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ આંક–૨૪ થી ઘર્મેશભાઈ દીપકભાઈ વાળાનાઓએ તેઓના સોગંદ પરના પુરાવામાં બનાવ તારીખ : ૮/૧૦/૨૦૨૩ ના રોજ બપોરના ૧૨ થી ૦૧ ના ગાળામા બનેલો, બપોરના સમયમાં બનાવ બનેલો ચોકકસ સમય તેમને યાદ નથી. તે દિવસે તેઓ ઘરે હતા તેઓના દાદી – રાણીબેનનો બચાવો બચાવોનો અવાજ આવેલો જેથી તેઓ દોડીને નીચે ગયેલા ત્યા તેમના દાદી રાણીબેનને પ્રકાશભાઇ કીશનભાઇ વાણીયા હાથે અને પગેથી માર મારતા હતા અને પ્રકાશભાઇના પત્ની કંચનબેન પણ તેમના દાદીને માર મારતા હતા અને અમો ત્યાં છોડાવવા પહોચ્યા ત્યારે તેઓ જતા જતા તેમના દાદીને એવુ કહેતા હતા કે આજે તુ બચી ગઇ છુ પછી તને મારી નાખીશુ તેવુ તેઓએ સાંભળેલુ જેથી તેમનું કુટુમ્બ દાદીને સારવાર માટે હોસ્પીટલ લઈ ગયેલા અને તેમના દાદીને પ્રકાશભાઇના પત્ની કંચનબેને જમણા હાથની છેલ્રી ટચલી આંગળીએ બચકુ ભરેલુ અને તેમના દાદી પ્રકાશભાઇ કીશનભાઇ દારૂ પી ને આવેલ હોય જેથી તેઓ સમજાવતા હતા કે દારૂ પી ને ગાળ ના બોલ જે બાબતે આ લોકોએ તેમના દાદીને માર મારીને હુમલો કરેલ અને આરોપીઓને જોયેથી ઓળખી બતાવે છે.

**(૧૫.૧)** ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓ તરફે કરવામાં આવેલ મહત્વની ઉલટ તપાસમાં તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ બન્યો તે સમયે અમો ઘરે હતા. એ વાત ખરી છે કે મેં કંચનબેનને મારા દાદીને બચકું ભરતા મેં નજરે જોયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા દાદીને છેલ્લી આંગળી એ બચકું ભરેલ હોવાથી લોહી નીકળતુ હતુ. એ વાત ખરી નથી કે મારી દાદી રાણીબેનને આરોપીએ બટકુ

ભરી કોઈ ઈજા કરેલ નહી પરંતુ મારા હાથમા રહેલ લોખંડનો પાઈપ આરોપીને મારવા જતા મારી દાદીને વાગી ગયેલો. આ સીવાયની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે.

**(૧૫.૨)** આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ છે. આ સાહેદ આ કામના ફરીયાદીને આરોપી નં. ૧ નાએ જમણી હાથની ટચલી આંગળીએ બચકું ભરી લીધેલા તથા આરોપી નં. ૨ નાએ હાથે પગેથી માર મારેલાનો પુરાવો આપેલ છે.આ સાહેદ બનાવ સ્થળે હાજર હોવાની હકીકતનો ખંડન કરતો કોઈ પુરાવો આવી શકેલ નથી.

**(૧૬)** ફરીયાદ પક્ષે દાનાભાઈ માયાભાઈ રાઠોડને આંક–૨૬ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદપરના પુરાવામાં જણાવેલ છે કે, તે આરોપીઓને ઓળખે છે અને તેઓ સોનપુર રોડ તેમની શેરી નં. ૨ માં જ રહે છે. બનાવ કયારે બનેલ અને કેટલા વર્ષ પહેલા બનેલ તેની તેમને ખબર નથી. તે નગરપાલીકામાં તેમની નોકરી પર ગયેલ હતા અને બાર વાગ્યે જમવા માટે પરત આવેલ હતા ત્યારે તેમની શેરીમાં પોલીસવાળા બેઠેલા હતા અને તેમનુ નામઠામ અને મોબાઈલ નં. અને આ શેરીમાં રહો છો તે બાબતે પુછેલુ અને શેરીમાં ઝઘડો થયેલ તે બાબતે પુછેલુ. આ ઝઘડો કોની કોની વચ્ચે થયેલ તેનો તેમને ખ્યાલ નથી. બનાવ બાબતે તે કાંઈ જાણતા નથી. આરોપીઓને ને જોયેથી ઓળખું છું જે આજરોજ નામ.કોર્ટમા હાજર નથી આરોપીઓની હાજરી મુકિત રીપોર્ટ છે ઓળખ અંગેની તકરાર જતી કરે છે. આ સિવાય બીજુ કાઈ કહેવુ નથી.

**(૧૬.૧)** ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારું નામ ઠામ તથા મોબાઈલ નંબર પુછેલ આ સિવાય બીજું કાંઈ પુછેલ નહી.

આરોપીઓ અમારી શેરીમા રહેતા હોય જેથી હું તેમને પહેલેથી ઓળખુ છુ. એ વાત ખરી છે કે બનાવ કોની વચ્ચે થયેલો અને બનાવમાં કોની કોની વચ્ચે ઝઘડો થયેલ તેની મને ખબર નથી.

**(૧૬.૨)** આ સાહેદ તેઓના પુરાવામાં આરોપીઓને ઓળખે છે અને તેઓ સોનપુર તેમની શેરી ગેટ નં. ૨ માં જ રહે છે. આમ, આ સાહેદનો પુરાવો જોતા ફરીયાદી અને આરોપીઓની શેરીમાં જ આ સાહેદ રહેતા હોવાનું જણાવેલ છે અને તેઓની શેરીમાં ઝગડો થયેલ હોવાનું જણાવેલ છે. આમ, બનાવના દીવસે તેઓની શેરીમાં ઝગડો થયેલ હોવાનો પુરાવો આપેલ છે.

**(૧૭)** ફરીયાદ પક્ષે સાહેદ સુરેશભાઈ કરશનભાઈ વાળાને આંક–૨૭ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તે આરોપીઓને જોયેથી ઓળખતો નથી. તે ગણપતી ફાટસર રવીપાર્ક સોસાયટી મથુરા પાર્ક સોસાયટીમાં રહે છે. તેમનો પાનનો ગલ્લો સોનાપુર રોડ જુના પાવરહાઉસ પાસે આવેલો છે. બનાવ કયારે બનેલો અને કઈ બાબતનો બનેલો તેની તેમને ખબર નથી. બનાવમાં કોની કોની વચ્ચે ઝઘડો થયેલો તેની તેમને કાંઈ ખબર નથી. પોલીસે બનાવ બાબતે તેમની કોઈ પુછપરછ કરેલ નથી. આ સિવાય બીજું કાંઈ કહેવુ નથી.

**(૧૭.૧)** ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ કયારે બનેલો અને કઈ બાબતનો બનેલો તેની તેમને ખબર નથી તથા બનાવમાં કોની કોની વચ્ચે ઝઘડો થયેલો તેની તેમને કાંઈ ખબર નથી તથા પોલીસે બનાવ બાબતેની તેઓની કોઈ પુછપરછ કરેલ નથી.

**(૧૮)** ફરીયાદ પક્ષે સાહેદ સંદીપભાઈ પરસોતમભાઈ વાળાને આંક–૨૮ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તે સુ.નગર નગરપાલીકાએ પાણીની ટાંકીમા ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. આ આરોપીઓને તે જોયેથી ઓળખું છું જેઓ તેમની શેરી નં. ૨ માં રહે છે. બનાવ કયારે બનેલો અને કઈ બાબતનો બનેલો તેની તેમને ખબર નથી. બનાવમાં કોની કોની વચ્ચે ઝઘડો થયેલો તેની તેમને કાંઈ ખબર નથી. પોલીસે બનાવ બાબતે કોઈ પુછપરછ કરેલ નથી. આ સિવાય બીજું કાઈ કહેવુ નથી.

**(૧૮.૧)** ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ કયારે અને કઈ બાબતનો બનેલો તેની તેમને ખબર નથી તથા બનાવમાં કોની કોની વચ્ચે ઝઘડો થયેલો તેની તેમને કાંઈ ખબર નથી તથા પોલીસે બનાવ બાબતે તેઓની કોઈ પુછપરછ કરેલ નથી. આ કામના આરોપીઓ તેઓની શેરીમાં રહેતા હોવાથી તેઓ તેમને ઓળખે છે.

**(૧૯)** ફરીયાદપક્ષે સાહેદ ચંદુભાઈ બાબુભાઈ વાળાને આંક–૩૩ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા. ૮/૧૦/૨૦૨૩ ના રોજ બપોરના ૧૨ થી ૦૧ ના ગાળામા બનેલો, બપોરના સમયમાં બનાવ બનેલો ચોકકસ સમય તેમને યાદ નથી. તે દિવસે તેઓ ઘરે હતા અને પ્રકાશભાઈ વાણીયા આરોપીને ખુબ જ ગાળો બોલતા હતા. તેમના મમ્મી તેમને સમજાવવા ગયેલા. ત્યારે કનુબેને વચ્ચે પડી તેના પતીનુ ઉપરાણુ લેતા કનુબેન ઉશ્કેરાઈ ગયેલા તેમણે તેમના મમ્મીનો હાથ પકડી આંગળીમા બટકુ ભરી લીધેલ અને મમ્મીને નીચે પાડીને માર મારવા લાગેલ અને પ્રકાશભાઈએ પણ તેમના મમ્મીને માર મારેલ જેથી અમો બધાએ તેમને છોડાવેલ. ત્યારબાદ આ બંને જણ ત્યાં થી જતા જતા

તેમના મમ્મીને ગાળો આપેલ. ત્યારબાદ તેમના મમ્મીની સારવાર કરાવેલ. તેઓ બન્ને આરોપીઓને જોયેથી ઓળખી બતાવે છે. જેઓ તેમના ઘરની બાજુમા રહે છે જેઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી. આરોપીઓનો મુકતી રીપોર્ટ રજુ છે. ઓળખ અંગે તકરાર નથી. આ બાબતે પોલીસે તેઓની તપાસના કામે પૂછપરછ કરેલી.

**(૧૯.૧)** ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓ તરફે કરવામાં આવેલ મહત્વ ની ઉલટ તપાસમાં તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ બન્યો તે સમયે અમો ઘરે હતા. એ વાત ખરી નથી કે મેં કંચનબેનને મારા મમ્મીને બચકું ભરતા મેં નજરે જોયેલ નથી. એ વાત ખરી નથી કે હું તથા મારા ભાઈ તથા મારા પિતા લોખંડનો પાઈપ લઈને ઝઘડો કરાવવા માટે ગયેલ હતા અને મેં તથા મારા ભાઈએ કનુબેનને લોખંડનો પાઈપ મારેલો. એ વાત ખરી છે કે આ બનાવ અંગે અમારી સામે પણ આ જ કોર્ટમાં ફો. કે. નંબર – ૯૯૯ /૨૦૨૪ થી કેસ ચાલે છે. એ વાતની મને ખબર નથી કે કનુબેનની દીકરીને હું તથા મારો ભાઈ હેરાન કરતા હોવાથી કનુબેન અમને સમજાવવા માટે આવેલા અને જેથી અમે ઉશ્કાઈ જઈને કનુબેન ઉપર હુમલો કરી ઈજા કરેલી. આ સીવાયની હકીકતનો મહંદઅંશે ઈન્કાર કરેલ છે.

**(૧૯.૨)** આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ છે. આ સાહેદ આ કામના ફરીયાદીને આરોપી નં. ૧ નાએ હાથની આંગળીએ બચકું ભરી લીધેલા તથા આરોપી નં. ૨ નાએ માર મારેલાનો પુરાવો આપેલ છે. આ સાહેદ બનાવ સ્થળે બનાવ વખતે હાજર હોવાનુ હકીકત નીકળી આવેલ છે.

**(૨૦)** ફરીયાદ પક્ષે પી.એસ.ઓ મનીષાબેન મનોજભાઈ ઝીઝુંવાડીયાને આંક–૩૫ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં

જણાવેલ છે કે, તા.૦૮/૧૦/૨૩ના રોજ સુ.નગર સીટી એ ડીવી.ખાતે પી.એસ.ઓ તરીકેના ચાર્જમાં રાતના ૨૦.૦૦ થી સવારના ૦૮.૦૦ સુધી હતી તે દરમ્યાન ફરીયાદી રાણીબેન બાબુભાઈનાઓએ પોતાની હકીકત જાહેર કરતા એ.એસ.આઈ એસ.આર.ધોરીનાઓએ નોંધેલ અને ફરીયાદ દાખલ થવા સારૂ પી.એસ.ઓ તરફ મોકલેલ જે અસલ ફરીયાદ મને બતાવવામા આવે છે જેમાં ફરીયાદીશ્રીનો અંગુઠો છે તથા રૂબરૂમા ધોરી સાહેબનાઓની સહી છે જે અસલ ફરીયાદ રજુ આંક-૩૬ થી અને ધોરી સાહેબે પી.એસ.ઓશ્રીને સંબોધીને ગુનો રજીસ્ટર કરવા રીપોર્ટ કરતા સુ.નગર સીટી એ ડીવી ગુ.રજી. નં.૧૦૭૮/૨૩ ઈ.પી.કો કલમ – ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો તા.૦૮/૧૦/૨૩ ના કલાક : ૨૧.૦૦ વાગ્યે રજીસ્ટર કરી આગળની તપાસ એસ.આર.ધોરી સાહેબનાઓ તરફ સંભાળી લેવા બાબત સ્ટે.ડાયરી નંબર ૨૬/૨૩ થી રજીસ્ટર કરી મારી સહીથી રીપોર્ટ પાઠવેલ જે મને બતાવવામા આવે છે જે રજુ આંક-૩૭ થી અને આજરોજ મારી સાથે અસલ સ્ટેશન ડાયરી લાવેલ છું તેની સહી સીકકાવાળી નકલ રજુ જે **આંક-૩૮** થી રજૂ છે.

**(૨૦.૧)** ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીઓ તરફે ઉલટતપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, મેં માત્ર સ્ટેશન ડાયરીમાં નોંધ કર્યા સીવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

**(૨૦.૨)** આ સાહેદને તેઓએ પોતાની કામગીરીને અનુરૂપ પુરાવો આપેલ છે. આ સાહેદની જુબાનીમાં આંક-૩૬ થી ફરીયાદ રજૂ કરવામાં આવેલ છે.

**(૨૧)** ફરીયાદ પક્ષે ત.ક.અ. સલીમબક્ષ રહીમબક્ષ ધોરીને આંક-૪૨ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદપરના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૦૮/૧૦/૨૩ ના રોજ તેઓ પો.સ્ટે હાજર હતા તે દરમ્યાન પી.એસ.ઓ શ્રીએ એક ટેલીફોન વર્ધી આપેલ જેના આધારે ટી.બી હોસ્પીટલ ખાતે ફરીયાદ

લેવા જતા આ કામે ફરીયાદી રાણીબેન બાબુભાઈ વાળાનાઓએ પોતાની ફરીયાદ જાહેર કરેલ જે તેઓએ તેમના રૂબરૂની તેણીના લખાવ્યા મુજબની લખી લઈ જે તેમને આંક–૩૬ વાળી ફરીયાદ બતાવવામા આજ છે તેમાં રૂબરૂમાં તેમની સહી છે તેમા ફરીયાદીશ્રીની જમણા હાથના અંગુઠાનુ નીશાન છે અને રૂબરૂમા તેમની સહી છે ત્યારબાદ ગુનો રજી. કરાવા બાબત તેમની સહીથી પી.એસ.ઓશ્રીને ફરીયાદ સાથે રીપોર્ટ કરેલ જે આંક–૩૭ તેમને બતાવવામાં આવે છે તેમા રૂબરૂમાં તેમની સહી છે અને પી.એસ.ઓ શ્રી સુ.નગર સીટી એ ડીવી પો.સ્ટેનાઓ દ્રારા ગુ.ર.નં.૧૦૭૮/૨૩ થી આઈ.પી.સી. ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો તા.૦૮/૧૦/૨૩ કલાક : ૨૧–૦૦ વાગ્યે સ્ટેશન ડાયરી નં. ૨૬/૨૩ થી દાખલ કરી આગળની વધુ તપાસ તેમના તરફ ડેપ્યુટ કરતા તેઓએ વધુ તપાસ અર્થે કેસ કાગળો સંભાળી લીધેલ અને તા.૯/૧૦/૨૩ ના રોજ પંચોની હાજરીમા બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ અને ત્યાં એક સુરેશભાઈ કરશનભાઈનાઓએ બનાવવાળી જગ્યા બતાવતા પંચનામુ કરેલુ જે આંક–૧૫ થી રજુ પંચનામુ બતાવવામા આવે છે તેમા પંચોની સહી છે અને રૂબરૂમા તેમની સહી છે અને ચાર્જશીટમા દર્શાવેલ સાહેદોના નીવેદનો તેઓના લખાવ્યા મુજબના નોંધેલા. તા.૦૪/૧૨/૨૩ ના રોજ મેડી.ઓફીસરશ્રીને સંબોધીને સારવાર સર્ટી આપવા બાબત રીપોર્ટ કરેલો તેમજ તા.૦૪/૧૧/૨૩ ના રોજ પણ મેડી.ઓફીસરશ્રીને સંબોધીને સારવાર સર્ટી આપવા બાબત રીપોર્ટ કરેલો. તેમજ તા. ૦૮/૧૨/૨૩ ના રોજ પણ મેડી. ઓફીસરશ્રીને સંબોધીને સારવાર સર્ટી આપવા બાબત રીપોર્ટ કરેલો. જે ત્રણેય રીપોર્ટ રજુ કરુ છુ જે સંયુકત દા.આંક–૪૩ ત્યારબાદ આ કામના ઈજા પામનાર રાણીબેનનુ સારવાર સર્ટી આવતા કામે સામેલ રાખેલ જે આ કામે આંક–૩૧ થી રજુ છે. આ કામે આરોપીઓ પ્રકાશભાઈ કીશનભાઈ વાણીયા અને કનુબેન પ્રકાશભાઈ

વાણીયાનાઓને તા.૩૦/૧૦/૨૩ના કલાક ૧૪–૦૦ વાગ્યે અટક કરેલ.આ કામે તપાસના અંતે આરોપીઓ વીરૂધ્ધ પુરતા પુરાવા હોય નામ. કોર્ટ સમક્ષ ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખુ છુ જેઓ નામ.કોર્ટમા હાજર છે તે જ છે.

**(૨૧.૧)** ત્યારબાદ સદરહુ ત.ક.અમલદારની આરોપીઓ તરફે કરવામાં આવેલ મહત્વની ઉલટતપાસમાં તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળો વીસ્તારએ રહેણાંક વીસ્તાર છે, આ કામના આરોપી નં. ૧ એ આ કામના ફરીયાદી વીરૂધ્ધ અને તેમના સભ્યો વીરૂધ્ધ પોલીસ ફરીયાદ કરેલી છે, એ વાત ખરી છે કે આ કામે સાક્ષી બાબુભાઈ વાળા, દીપકભાઈ વાળા, નીતીનભાઈ વાળા, ધર્મેશભાઈ વાળા,ચંદુભાઈ વાળા અને સુરેશભાઈવાળા તથા સંદીપભાઈ વાળાનાઓ ફરીયાદીના પરીવારના સભ્યો છે, એ વાત ખરી છે કે આ કામના આરોપીએ મારી રૂબરૂમા ફરીયાદીના પૌત્ર ધર્મેશભાઈ વાળા આ કામના આરોપીના દીકરીને હેરાન કરતો હોય જેથી હેરાન ન કરવા સમજાવતા ઝઘડો કરી આરોપીને માર માર્યા અંગેની ફરીયાદ કરેલી. આ સીવાયની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરવામાં આવેલ છે. ઉપરોકત સાહેદો સિવાય ફરીયાદપક્ષ તરફે અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી.

**(૨૧.૨)** આમ, આંક–૪૨ થી ત.ક.અ.શ્રી સલીમબક્ષ રહીમબક્ષ ઘોરીને તપાસવામાં આવેલ છે તેઓના પુરાવામાં તેઓએ પોતાની કામગીરીને અનુરૂપ પુરાવો આપેલ છે. આ કામના ફરીયાદી રાણીબેન બાબુભાઈ વાળાનાઓએ તેઓની ફરીયાદ જાહેર કરેલ જે તેઓએ તેમના રૂબરૂની તેના લખાવ્યા મુજબ લખી લઈ આંક–૩૬ વાળી ફરીયાદમાં તેમની રૂબરૂમાં સહી હોવાનું ઓળખી બતાવી ફરીયાદીશ્રીના જમણા હાથના અગુંઠાનું નિશાન અને રૂબરૂમાં

તેમની સહી હોવાનું ઓળખી બતાવેલ છે. આ કામે ફરીયાદી મરણ ગયેલ છે પરંતુ હાલના સાહેદની રૂબરૂમાં ફરીયાદીએ ફરીયાદ લખાવેલ હોય જેથી ફરીયાદની હકીકતો ન માનવા માટેનું કોઈ કારણ રહેતું નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન:–</u>**

**(૨૨)** આમ, ફરીયાદપક્ષે રજૂ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આંક – ૨૦ થી સાહેદ દીપકભાઈ બાબુભાઈ વાળા, આંક–૨૧ થી નીતીનભાઈ દીપકભાઈ વાળા, આંક–૨૪ થી ધર્મેશભાઈ દીપકભાઈ વાળા, આંક–૩૩ થી ચંદુભાઈ બાબુભાઈ વાળાનાઓએ પોતાની જુબાનીમાં આંક–૩૬ થી રજુ ફરીયાદની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ છે. આમ, ફરીયાદી તથા આરોપીઓ બનાવ સમયે અને સ્થળે હાજર હોવાનુ રેકર્ડ ઉપરના પુરાવાથી નીકળી આવેલ છે ત્યારે ફરીયાદીને ઈજા બીજા કોઈ ધ્વારા કે અન્ય રીતે થયેલ હોય તેવી કોઈ હકીકત બચાવ પક્ષે કઢાવી શકેલ નથી.

**(૨૩)** આંક–૩૬ ની ફરીયાદને, સાહેદોની જુબાનીમાં જણાવેલ હકીકતોથી, આંક–૩૦ થી ડો. મીહીર નીતીનભાઈ સોનીના પુરાવાથી આ કામના આરોપી નં. ૧ નાએ ફરીયાદીને જમણા હાથની ટચલી આંગળી પર બચકું ભરી ઈજા કરેલાનો પુરાવો આપેલ છે અને ફરીયાદીને થયેલ ઈજાને આંક–૩૦ થી ડોકટરના પુરાવાથી તથા આંક–૩૧ ના મેડીકલ સર્ટીફીકેટના મેડીકલ પુરાવાના આધારે સમર્થન મળેલ છે અને આ મેડીકલ સર્ટી.માં દર્શાવેલ ઈજા તે હાલના આરોપીઓના કૃત્યનુ સીધુ પરીણામ હતુ તે પણ પુરવાર થાય છે. તેથી ફરીયાદપક્ષનો આરોપીઓ સામેનો સમગ્ર ચેઈન ઓફ એવીડન્સ પુરવાર થાય છે અને આરોપી પક્ષ ધ્વારા એવો કોઈ બચાવ લાવી શકેલ નથી કે, આરોપીઓના કૃત્યના કારણે નહી પરંતુ અન્ય કોઈપણ રીતે ઈજા થયેલ છે. જયારે આરોપીઓ બનાવ સ્થળ ઉપર હાજર ન હતા તેવુ દર્શાવતો કોઈ પુરાવો

રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. અને આરોપીઓને ખોટી રીતે ગુનામાં સડોવી દીધેલ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ફરીયાદી તથા આરોપીઓ બનાવ સમયે અને સ્થળે હાજર હોવાનુ રેકર્ડ ઉપરના પુરાવાથી નીકળી આવેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ સાક્ષી પુરાવાથી ફરીયાદ મુજબના બનાવના સ્થળ ઉપર આરોપીઓની હાજરી અને આરોપીઓની સંડોવણી શંકારહીત સાબીત થયેલ છે અને ઈજાનુ સ્વરુપ જોતા આરોપીઓએ કલમ – ૩૨૩,૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાનુ સ્પષ્ટપણે પુરવાર થાય છે.

**(૨૪)** વધુમા બચાવ પક્ષે કરવામા આવેલ દલીલો મુજબ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચો હોસ્ટાઈલ થયેલ છે. જેથી ગુનાવાળી જગ્યાની હકીકત સાબીત થતી નથી જેથી તેનો લાભ આરોપીઓને મળવો જોઈએ. પરંતુ આરોપી પક્ષની આ દલીલો સાથે સહમત થઈ શકાય નહી. પંચનામા એ સમર્થનકારક પુરાવો છે. પંચનામાની હકીકતોને પંચોની જુબાનીથી સમર્થન મળેલ ન હોય પરંતુ ત.ક.અ.ની જુબાનીથી પુરવાર થયેલાનુ ગણી શકાય. ત.ક.અ.ની હાલના આરોપીઓ સામે વૈચમનસ્ય રાખવાનુ કોઈ કારણ ન હોય ત્યારે તેઓએ પડેલ પુરાવાના આધારે પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરેલાનુ માનવુ જોઈએ.

**(૨૪.૧)** આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ બનાવ નજરે જોનાર સાહેદોના પુરાવાથી ફરીયાદીને બનાવમાં ઈજા થયેલ હોવાની હકીકતોને જયારે ડોકટરશ્રી ના પુરાવાના આધારે સ્પષ્ટ સમર્થન મળેલ છે ત્યારે સાહેદોના પુરાવા વચ્ચે આવતા માઈનોર કોન્ટ્રાડીકસન આધારે ફરીયાદપક્ષનો સમગ્ર કેસ નકારી શકાય નહી. વધુમાં તપાસનીશ અધિકારીની ઉલટતપાસ દ્રારા બચાવ પક્ષે એવી હકીકત રેકર્ડ પર લાવવાનો પ્રયત્ન કરેલ છે કે, આ કામના જે સાહેદોના નીવેદન લીધેલા છે તે પૈકી મોટા ભાગના ફરીયાદીના પરીવારના સભ્યો છે

જે હીત ધરાવનાર સાહેદો છે જેથી આ સાહેદોની જુબાની માની શકાય નહી તેવી દલીલ કરેલ છે પરંતુ આ સાહેદો દ્રારા સ્પષ્ટપણે ફરીયાદની હકીકતોને સ્પષ્ટપણે સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે બનાવ નજરે જોનાર સાહેદોના પુરાવામા ફરીયાદીને આરોપી નં. ૧ નાએ જમણા હાથની આંગળી ઉપર બટકુ ભરેલુ તથા આરોપીનં ૨નાએ માર મારેલા તેવો પુરાવો આપેલ છે આવી કોઈ ઈજા આરોપીએ કરેલ નથી તેવી કોઈ હકીકતો બચાવપક્ષ કઢાવી શકેલ નથી. વધુમાં ફરીયાદમા પણ આરોપીઓના નામો જણાવેલ છે. જેથી માત્ર કુટુંબના સભ્યો સાહેદ તરીકે હોવાથી તેઓનો પુરાવો સપુર્ણપણે નકારી શકાય નહીં.

**(૨૪.૨)** વધુમાં બચાવપક્ષની દલીલ મુજબ ફરીયાદીને થયેલ ઈજા જો કોઈ વ્યકિત ખરબચડા રોડ ઉપર પડી જવાથી તથા આંગળી ઉપર વજન આવવાથી ઈજા સંભવી શકે તેવો બચાવ લીધેલ છે, જેથી હાલની ઈજા આરોપીઓએ કરેલ છે તેવુ માની શકાય નહી તેવી આરોપી પક્ષે દલીલ કરેલ છે પરંતુ આરોપીપક્ષની આ દલીલ ટકવા પાત્ર નથી કારણ કે ફરીયાદીની ફરીયાદ મુજબ બનાવ બન્યા બાદ તે દીવસે સારવાર કરવામા આવેલ છે અને આરોપી પક્ષે ફરીયાદીને જમણા હાથની ટચલી આંગળીના ભાગે કોઈ ઈજા થયેલ નથી તેવી કોઈ હકીકત ઉલટતપાસમાં કઢાવી શકેલ નથી અને ડોકટરશ્રીના પુરાવામાં ફરીયાદીને કોઈ ઈજા થયેલ નથી તેવો કોઈ બચાવ નથી. વધુમાં સાહેદોના પુરાવામાં આરોપી નં. ૧ કનુબેનનાઓએ ફરીયાદીને જમણા હાથની ટચલી આંગળી બચકું ભરેલાની અને આરોપી નં. ૨ નાએ માર મારી ઈજા કરેલાની હકીકતોને બચાવ પક્ષે રેકર્ડ ઉપર પડકારી ખંડન કરી શકેલ નથી.

**(૨૪.૩)** વધુમાં બચાવપક્ષની દલીલ મુજબ આરોપીઓ સામે હાલની ખોટી ફરીયાદ કરેલ હોવાનો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ રેકર્ડ પરના પુરાવાથી ફરીયાદીએ થયેલ ઈજાનુ સ્વરુપ જોતા તે જાતે ઉભી કરેલ હોય તેવો કોઈ આરોપીઓનો કેસ નથી.

**(૨૪.૪)** આરોપીના વિ.વકીલશ્રીએ ભારપૂર્વક એવી દલીલ કરેલ છે કે આ કામે ફરીયાદીના સગા સબંધી સીવાય અન્ય કોઈ સાહેદો દ્રારા ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. જેથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર કેરલ નથી તેવી દલીલ કરેલ છે પરંતુ સદર દલીલ ટકવાપાત્ર નથી  જે સાહેદો બનાવ નજરે જોનાર છે જો તેઓનો સોગંદ ઉપરનો પુરાવો વિશ્વસનીય હોય તો તેઓનો પુરાવો અમાન્ય ગણી શકાય નહીં. જેટલા સાહેદ બનાવ વખતે હાજર હોય તે તમામને તપાસવા તેવું જરુરી નથી અને કોર્ટે એ જોવાનું રહે છે કે કોર્ટમાં જે સાહેદોને તપાસેલ છે તેનો પુરાવો  વંચાણે લેતા તે વિશ્વસનીય છે કે નહીં ? અને ગુન્હો બને છે કે નહીં ? તે જોવાનું રહે છે. હાલના કેસમાં રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી ફરીયાદ પક્ષે સ્પષ્ટ પુરવાર કરેલ છે કે આરોપીઓએ ઈ.પી.કો. કલમ–૩૨૩,૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે અને તે પુરાવો વિશ્વસનીય હોય, તેવા સંજોગોમાં આરોપીઓને શંકાનો લાભ આપી શકાય નહીં.

**(૨૪.૫)** હાલના આરોપીઓને સાહેદોએ ઓળખી બતાવેલ છે. સદરહુ બનાવ અંગે ક્રોસ ફરિયાદ થયેલ છે અને આ ફરિયાદની ક્રોસ ફરિયાદ ક્રિમીનલ કેસ નં. ૯૯૯/૨૦૨૪ થી રજીસ્ટર થયેલ છે. હાલના આરોપી નં. ૧ ક્રિમીનલ કેસ નં. ૯૯૯/૨૦૨૪ ના કેસમાં સાહેદ છે અને તે કેસમાં તેઓએ સોગંદ ઉપર જે પુરાવો આપેલ છે તેનાથી સ્પષ્ટ થાય છે કે, તેઓ બનાવ સ્થળ ઉપર હાજર હતા તેમજ ઝઘડો થયેલો હતો. આમ, બનાવ બન્યો જ નથી કે બનાવ

સ્થળે આરોપીઓ હાજર જ ન હતા તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપીઓ અને ફરીયાદી બંનેના કહેવા મુજબ બનાવના દીવસે બનાવ સ્થળે, બનાવ સમયે ઝઘડો થયેલ છે મારા મારીનો સ્પષ્ટ પુરાવો આપે છે.

**(૨૪.૬)** આરોપીઓના વિ.વકીલશ્રીએ ભારપૂર્વક એવી દલીલ કરેલ છે કે, ફરિયાદીએ પોતાનો બચાવ કરવા માટે આ બનાવની ખોટી ક્રોસ ફરિયાદ કરેલ છે. આ કેસમાં તથા ક્રોસ ફરીયાદમાં લેવાયેલ પુરાવાઓ એકી સાથે વંચાણે લઈએ તો તેનાથી સ્પષ્ટ થાય છે કે, આરોપીઓ અને ફરીયાદી વચ્ચે ઝઘડો થયેલો અને બંને તરફથી મારામારી થયેલી. આમ, ફરીયાદી તેમજ આરોપીઓ એ બંનેએ એકબીજાને માર માર્યા હોવાનું, સદરહું બંને ક્રોસ ફરીયાદો એકીસાથે પુરાવાનું મૂલ્યાંકન કરતા વંચાણે લઈએ તો સ્પષ્ટ પુરવાર થાય છે. ભારતીય પુરાવા અધીનીયમ કલમ – ૫ તથા ૬ મુજબ જયારે એકજ બનાવ ના ભાગ રુપે હોય તેવી હકીકતો સુસંગત છે ત્યારે કાયદાની નજર સમક્ષ રેકર્ડ પરના પુરાવાથી સામ સામે કેસ થયેલ હોય તે આ કેસની હકીકતો સાથે સંકળાયેલ છે. આવા સંજોગોમાં ફરિયાદીને આરોપીઓ વિરુધ્ધ ખોટી ફરિયાદ કરેલ છે તેવું ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૨૪.૭)** વધુમાં આરોપીઓ તરફે દલીલ કરેલ છે કે, સાહેદોની જુબાનીમાં વિરોધાભાષી કથનો મળી આવેલ છે. જેથી ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો કેસ નિશંકપણે પુરવાર કરેલાનું માની શકાય નહીં પરંતુ ફરીયાદીએ બનાવ બન્યાના તે જ દીવસે ફરીયાદ આપેલી છે. વધુમાં આંક–૩૦ ના ડોકટરશ્રીના પુરાવામાં તા. ૮–૧૦–૨૩ ના રોજ ૧:૧૮ વાગ્યે તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે હાલના ફરીયાદી સારવાર માટે આવેલાનું જણાવે છે. સાહેદોના માયનોર કોન્ટ્રાડીકશન સાથે મુખ્ય વસ્તુઓને અસર કરતી ન હોય તો તેને કોર્ટે વધુ મહત્વ આપવું ન જોઈએ. હાલના કેસમાં માઈનોર કોન્ટ્રાડીકશનના કારણે

ગુન્હાની ગંભીરતામાં કોઈ ફેર આવે તેમ નથી જેથી તેવા માઈનોર કોન્ટ્રાડીકશનને વધુ મહત્વ આપી શકાય નહીં. વધુમાં નામદાર વડી અદાલત ના ચૂકાદા ના પ્રસ્થાપિત સિધ્ધાંતો રુપસીંગ પુંજાભાઈ પટેલ વિ. સ્ટેટ ૨૦૦૬ (૩) જી.એલ.આર.૨૭૦૦ મુજબ Minor contradictions can not affect the prosecution case. Only those contradictions that lead to internce of impossibility or improbability of prosecution version can have adverse impact.

**(૨૫)** હાલના ફરીયાદપક્ષના પુરાવાનું વિશ્લેષણ કરતા સમયે નામદાર વરીષ્ઠ અદાલતના ચુકાદાના પ્રસ્થાપિત સીધ્ધાંતો ધ્યાને લેવામાં આવેલ છે. જેમાં નામદાર વરીષ્ઠ અદાલતે ઠરાવેલ ચુકાદાના જયંતીલાલ કુબેરદાસ શર્મા વિરુધ્ધ સ્ટેટ સને ૨૦૦૭(૧) જી.એલ.આર.૯૯ માં પ્રસ્થાપીત સીધ્ધાંત પ્રમાણે A judge does not preside over a criminal trail,merely to see that no innocent man is punished.A judge also presides to see that guilty man does not escape. Both are public duties.

The proof beyond reasonable doubt is mere guide line And not fetish.

Reasonable doubt is not An imaginary,trivail or merely possible doubt,but fair doubt based upon reason And common sense.there cannot be a prosecution case with a cast iron perfection in all respects and reason being that the perfection to that degree in ordinary course of human life is an utopian thought.

**(૨૬)** જેથી ફરીયાદપક્ષ તરફે નોંધવામાં આવેલ રેકર્ડ ઉપરનો પુરાવો લક્ષમાં લઈ, બંને પક્ષ તરફેની દલીલો ધ્યાને લઈ, પુરાવાઓનુ વિસ્તૃત વિશ્લેષણ કર્યા બાદ આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૨૩,૧૧૪ મુજબનુ તહોમત પુરવાર માનવામાં આવેલ છે.

**(૨૭)** આ કામે આરોપીઓ સામેનો બીજો મહત્વનો આક્ષેપ ઈ.પી.કો. કલમ–૫૦૪,૫૦૬(૨) નો છે ત્યારે રેકર્ડ ઉપરનો પુરાવો જોતા ફરીયાદી કે સાહેદને આરોપીઓએ શું ગાળો આપેલ તે અંગે કોઈ ચોકકસ હકીકત જુબાનીમાં જણાવતા નથી

**(૨૮.૧)** વધુમાં આરોપીઓ સામે જયારે ઈ.પી.કોડની કલમ–૫૦૪ તથા ૫૦૬ (૨) મુજબનુ તહોમત છે. પરંતુ ફરીયાદ પક્ષે આ ગુનો પુરવાર કરવા માટે આરોપી ધ્વારા ચોકકસ કયા શબ્દો બોલાયેલા હતા અને આવા શબ્દો અને ધમકીના કારણે ફરીયાદી ભોગબનનાર તાતકાલિક મૃત્યુની બીક હેઠળ આવી ગયા હતા તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે જો ફરીયાદપક્ષ આવી હકીકતો પુરવાર કરી ન શકે તો કલમ–૫૦૪ અને ૫૦૬(૨) નો ગુનો પુરવાર માની શકાય નહી. **નામદાર ગુજરાત હાઈકોર્ટે એ.બી.વાટલીયા (પી.એસ.આઈ.) વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય ના ૨૦૧૧ (૩) જી.એલ.આર પાના નં–૨૫૫૭** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે જયારે આરોપી સામે ઈ.પી.કોડની કલમ–૫૦૪ નું તહોમત હોય ત્યારે ફરીયાદપક્ષે આરોપીઓએ શાંતિ જોખમાય તેવા હેતુપુર્વકનુ અપમાન કર્યુ હતુ તેમજ ફરીયાદીએ તેમની ફરીયાદમાં તેમજ કોર્ટ સમક્ષના પુરાવાઓમાં ચોકકસ કયા શબ્દો આરોપીઓએ ઉચ્ચારેલા તે રેકર્ડ ઉપર લાવવા જરૂરી છે કારણકે જો આવા શબ્દો રેકર્ડ ઉપર હોય તો જ અદાલત આરોપીઓ ધ્વારા બોલાયેલા તે શબ્દો ઈરાદાપુર્વક અપમાનીત કરવાના ઈરાદાથી અને શાંતિનો ભંગ થાય તથા ફરીયાદી ઉશ્કેરાઈ તેવા હેતુથી બોલેલા હતા તેનો નિર્ણય કરી શકે. જો ફરીયાદપક્ષ ધ્વારા આવા શબ્દો રેકર્ડ ઉપર લાવવામાં ન આવે તો આરોપી વિરૂધ્ધ કલમ–૫૦૪ મુજબનો ગુનો માની શકાય નહી.

(૨૮.૨) વધુમાં **નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. ગુજરાત રાજયના ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાના નં–૩૩૭ તથા મુનસુખાન યાસીનખાન પઠાણ અને અન્ય વિ. ગુજરાત રાજ્ય ના ૨૦૦૨(૧) જી.એલ.એચ.(યુ.જે.) ૪ (ગુજરાત)** ઉપરના રેપોર્ટેડ ચુકાદાઓમાં ઠરાવેલ છે કે જયાં સુધી આરોપી ધ્વારા સુલેહ શાંતિનો ભંગ કરવા બોલાયેલા શબ્દો રેકર્ડ ઉપર આવે નહી ત્યાં સુધી આરોપીએ સદરહુ ગુનો કર્યો છે તેમ ઠરાવી શકાય નહી. તેવી રીતે મારી નાખવાની ધમકી ખરેખર ફરીયાદી કે ભોગ બનનારના જાનમાં ભય અને ગભરાટ ઉભો કરતી હોવી જોઈએ એવી ધમકીથી ફરીયાદી કે ભોગબનનારને ભયની ઘટંડી બજતી હોય તેવુ લાગવુ જોઈએ.

**(૨૮.૩)** આમ, ઉપરોકત બંને ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ જયારે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડ ની કલમ–૫૦૪,૫૦૬ (૨) મુજબના ગુનાનુ તહોમત હોય ત્યારે ફરીયાદપક્ષે માત્ર આરોપી ધ્વારા બોલાયેલા શબ્દો જ પુરવાર કરવા જરૂરી નથી પરંતુ આવા શબ્દો અને ધમકીને કારણે ફરીયાદી તથા ભોગબનનાર તાતકાલિક ભય હેઠળ આવી ગયા હતા અને તેઓના મનમાં ચોકકસ રીતે મૃત્યુનો ડર પેદા થઈ ગયેલ તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જોઈએ, માત્ર બોલાયેલા શબ્દોથી ગુનાહીત ધમકી હતી તેવુ પુરવાર થઈ શકે નહી.

**(૨૯)** આમ, ઉપરોકત હકીકતો વંચાણે લેતાં આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદીને ઈજા કરેલાનો આરોપીઓ સામેનો ઈ.પી.કો. કલમ –૩૨૩,૧૧૪ પુરવાર થયેલ છે. જયારે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષનાં સમગ્ર પુરાવાને ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ નો ઈ.પી.કો.કલમ ૫૦૪,૫૦૬(૨) મુજબનો ગુનો વ્યાજબી શંકાથી પર

પુરવાર કરી શકેલ નથી. જેથી મુદા નં.૧ નો નિર્ણય અંશત: હકારમાં આપી, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**૧ :** ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ – ૨૪૮ (૧) મુજબ (૧) કનુબેન પ્રકાશભાઈ વાણીયા, રહે. : સુ.નગર સોનાપુર રોડ શેરી નં. ૦૨,(૨) પ્રકાશભાઈ કીશનભાઈ વાણીયા, રહે. સુ. નગર સોનાપુર રોડ શેરી નં. ૦૨ નાઓને ઈ.પી.કો.ક–૫૦૪,૫૦૬(૨) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨:** ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૪૮(૨) મુજબ આરોપીઓ(૧) કનુબેન પ્રકાશભાઈ વાણીયા, રહે. : સુ.નગર સોનાપુર રોડ શેરી નં. ૦૨ (૨) પ્રકાશભાઈ કીશનભાઈ વાણીયા, રહે. : સુ. નગર સોનાપુર રોડ શેરી નં. ૦૨ નાઓને ઈ.પી.કો.કલમ ૩૨૩, ૧૧૪ મુજબ ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૩:** આ કામે આરોપીઓ ઈ.પી.કો.કલમ–૩૨૩,૧૧૪ મુજબના ગુન્હા સબબ ગુન્હેગાર ઠરેલ હોય ત્યારે કેસ કાર્યવાહી, સજાના પ્રશ્નો અંગે તેઓને સાંભળવા માટે મુલ્તવી રાખવામાં આવે છે.

આજ તારીખ–૧૨ મી, માહે–ઓગસ્ટ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૮/૨૦૨૬.
સુરેન્દ્રનગર.

(જીગ્નેશકુમાર સુરેશભાઈ પંચાલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
અને એડી. ચીફ જયુ.મેજી.સુરેન્દ્રનગર.
Code No. GJ00989

**<u>સજા અંગે સાંભળ્યા</u>**

(૩૦) ફરિયાદ પક્ષના વિ.એ.પી.પી.શ્રી એ.બી.દેસાઈની અને આરોપીના વિ.વકીલશ્રી એન. જે. ઝાલાની લંબાણપૂર્વક સજા અંગે દલીલો સાંભળી. વિ. એ.પી.પી.શ્રીએ ભારપૂર્વક એવી દલીલ કરેલ છે કે, સદરહું ગુન્હો ખૂબ જ ગંભીર પ્રકારનો સમાજ વિરુધ્ધનો છે. આ પ્રકારના ગુન્હાઓ સમાજમાં વધતા જાય છે અને સમાજમાં દાખલો બેસે તે મુજબ આરોપીઓને સજા કરવી જોઈએ.

આરોપી/તકસીરવાનના વિ.વકીલશ્રી નમ્રપણે એવી રજૂઆત કરેલ છે કે, આરોપીઓની કુટુંબની જવાબદારી તેની ઉપર છે. આરોપીઓ જો લાંબા સમય સુધી જેલમાં રહે તો અન્ય રીઢા ગુનેગારના સંપર્કમાં આવી તે પણ રીઢા ગુનેગાર બની જાય. જો આરોપીઓ જેલમાં જાય તો તેમના બાળકો અને પરિવારના સભ્યોને ભુખે મરવાનો સમય આવે અને આરોપી વિરુધ્ધનો આ પ્રથમ કેસ છે જે ધ્યાને લઈ પ્રોબેશનનો લાભ આપવા વિકલ્પે ઓછામાં ઓછી સજા કરી, દયા કરવા અરજ કરેલ છે.

It is held by the Hon'ble Supreme Court of India (Coram : Hon'ble Justice Dr. A. PASAYAT and Hon'ble Justice ASOK KUMAR GANGULY, JJ) in it's decision delivered in case of [1]**<u>STATE OF KARNATAKA Vs. MURALIDHAR</u>** that undue sympathy to impose inadequate sentence would do more harm to the justice system to undermine the public confidence in the efficacy of law and society could not long endure under such serious threats. It is, therefore, the duty of every Court to award proper sentence having regard to the nature of the offence and the manner in which it was executed or committed etc. This position was illuminatingly stated by

---

1 ***STATE OF KARNATAKA Vs. MURALIDHAR : AIR 2009 SC 1621 = Cr.Appeal No. 428/02, Dt. 16/3/09.***

the Hon'ble Supreme Court of India in [2]**SEVAKA PERUMAL Vs. STATE OF TAMILNADU**. The object should be to protect the society and to deter the criminal in achieving the avowed object of law by imposing appropriate sentence. It is expected that the Courts would operate the sentencing system so as to impose such sentence which reflects the conscience of the society and the sentencing process has to be stern where it should be. Imposition of sentence without considering its effect on the social order in many cases may be in reality a futile exercise. The social impact of the crime, e.g. where it relates to offences against women, dacoity, kidnapping, misappropriation of public money, treason and other offences involving moral turpitude or moral delinquency which have great impact on social order, and public interest, cannot be lost sight of and per se require exemplary treatment. Any liberal attitude by imposing meagre sentences or taking too sympathetic view merely on account of lapse of time in respect of such offences will be result-wise counter productive in the long run and against societal interest which needs to be cared for and strengthened by string of deterrence inbuilt in the sentencing system. It is further observed that the Court will be failing in its duty if appropriate punishment is not awarded for a crime which has been committed not only against the individual victim but also against the society to which the criminal and victim belong. The punishment to be awarded for a crime must not be irrelevant but it should conform to and be consistent with the atrocity and brutality with which the crime has been perpetrated, the enormity of the crime warranting public abhorrence and it should "respond to the society's cry for justice against the criminal".

2 ***SEVAKA PERUMAL Vs. STATE OF TAMILNADU : AIR 1991 SC 1463***

આરોપીના વિ.વકીલશ્રીએ નમ્રપણે એવી રજૂઆત કરેલ છે કે, હાલના આરોપીનો પ્રથમ ગુન્હો હોય તેને પ્રોબેશનનો લાભ આપવા અરજ કરેલ છે. The criminal courts cannot treat the nature of the offence as attracting the benevolent provisions of Section 4 of the Probation of Offenders Act (20 of 1958). While considering the quantum of sentence, to be imposed for the offence, one of the prime considerations should be deterrence. One cannot and should not take a chance thinking that if such offence ensues one might not be convicted of the offence; and lastly that even if one is convicted then one would be dealt with leniently by the court. One must always keep in his mind the fear psyche that if anyone is convicted of the offence, he cannot escape from jail sentence. This is the role which the Courts can play, particularly at the level of trial courts, for lessening the high rate of offences of causing hurt. It is held by the Hon'ble Gujarat High Court (Coram : Hon'ble Justice P. M. Chauhan, J) in it's decision delivered in case of [3]**KANTILAL SHIVA THAKKAR Vs. STATE OF GUJARAT** that trial Court and Sessions Court were right in not extending benefit of probation to accused and probation is discretion of Court to give benefit.

હાલના કેસની ગંભીરતા અને સામાસામી ક્રોસ કેસ જોતા સદરહું તકસીરવાનને પ્રોબેશનનો લાભ આપવો યોગ્ય અને વ્યાજબી નથી. ઉપર મુજબની બંને પક્ષ તરફેની રજુઆતો, રેકર્ડ ઉપરની હકીકતો અને આરોપીઓ સામેના ગુન્હાની ગંભીરતા તેમજ આરોપીઓની સ્થિતિ અને સંજોગો અને ઉંમરને ધ્યાને લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

---

3

***KANTILAL SHIVA THAKKAR Vs. STATE OF GUJARAT : 1990 Cr.L.J. 2500 = Cr.Rev.Appln. No. 441/81, Dt./8/12/89.***

**–:: આખરી હુકમ ::–**

**૧)** ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ – ૨૪૮(૨) મુજબ આ કામના આરોપીઓ(૧) કનુબેન પ્રકાશભાઈ વાણીયા,રહે. : સુ.નગર સોનાપુર રોડ શેરી નં. ૦૨ (૨) પ્રકાશભાઈ કીશનભાઈ વાણીયા,રહે.: સુ. નગર સોનાપુર રોડ શેરી નં. ૦૨ નાઓને ભારતીય ફોજદારી દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૧૧૪ મુજબનાં સજાને પાત્ર ગુના માટે **(૬) છ** માસની સાદી કેદની સજા તેમજ **રૂા.૫૦૦/–** અંકે રૂપિયા પાંચસો પુરાનો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ વસુલ ન આપે તો વધુ દિન–૧૫ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**૨ :** આ હુકમની એક નકલ આરોપીઓને તાત્કાલીક વિનામુલ્યે આપવી.

આ આરોપીઓના અગાઉના જામીનખત રદ કરી જયુડીશયલ કસ્ટડી માં લેવામાં આવે છે.

આજ તારીખ–૧૨ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૮/૨૦૨૬.
સુરેન્દ્રનગર.

(જીગ્નેશકુમાર સુરેશભાઈ પંચાલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
અને એડી. ચીફ જયુ. મેજી.સુરેન્દ્રનગર
Code No. GJ00989